**<u>રેગ્યુલર દિવાની અપીલ નં. ૬૨/૨૦૨૫ ના કામે એપેલેન્ટ તરફેની આંક–૫ ની અરજી લગત હુકમ::–</u>**

(૧) અરજી વંચાણે લીધી. પ્રતિવાદી/રીસ્પોન્ડન્ટપક્ષ તરફે વિ. વકીલશ્રી કે. બી.પીપલીયા હાજર થઈ અપીલના નિકાલ સુધી વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે તો ગ્રામપંચાયત નાજાપુરને કોઈ વાંધો તકરાર નથી તેવુ આંક–૧૧ ની પુરસીસ આપી જાહેર કરેલ છે.

(૨) એપેલેન્ટ એટલે કે, સિવીલ કોર્ટ, મેંદરડાના રેગ્યુલર દિવાની મુકદ્દમા નં. ૨૮/૨૦૨3 ના વાદી તરફે નાજાપુર ગ્રામપંચાયતની માલીકીની મિલકત સબંધે વિજ્ઞાપન અને કાયમી મનાઈ હુકમ માંગતો દાવો કરી તેઓ આ મિલકતનો ૪૦ વર્ષ ઉપરાંતથી કબજો ભોગવટો ધરાવે છે અને મિલકતમાં વીજ કનેકશન ધરાવતા હોય તે પુરાવા આધારે કરેલ હોય જે અનુસંધાને વાદીએ દાવામાં માંગેલ દાદ મેળવવા હકકદાર નથી તેવુ વિ. સિવીલ જજ, મેંદરડાએ તા. ૨૭–૧૧–૨૫ ના રોજ જજમેન્ટ અને હુકમનામાના આધારે વાદીનો દાવો રદ્દ કરી વચગાળાની અરજી સબંધે કોઈ હુકમ હોય તો તે રદ્દ કરતો હુકમ કરેલ છે. જે સામે હાલની અપીલ વાદીએ દાખલ કરી અપીલના આખરી નિકાલ સુધી વચગાળાનો હુકમ કરવા હાલની આપી આપેલ છે.

(૩) વાદી/એપેલેન્ટની રજુઆતો અને રીસ્પોન્ડન્ટપક્ષે રજુ પુરસીસ ધ્યાને લેતા શું પંચાયતની મિલકતમાં પ્રતિવાદીને આ પ્રકારનુ અન્ડરટેકીંગ આપવા અધિકાર મળેલ છે કે કેમ તે બાબતનો ખુલાસો થતો ન હોય જેથી અપીલના આખરી નિકાલ સુધી માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે તો પંચાયતની મિલકત સબંધે વિ. ટ્રાયલ કોર્ટે કરેલ હુકમનો કોઈ

અર્થ રહે નહીં અને જાહેર મિલકત ઉપર વાદીનો કબજો કોઈપણ અધિકાર વગર ચાલુ રહે તેવુ જણાતુ હોય, પેન્ડીંગ અપીલ દરમ્યાન વાદીએ માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવો ઉચિત જણાતુ ન હોય, અરજી મંજુર થવાપાત્ર જણાતી ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

હાલની આ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૩૦ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જૂનાગઢ.
તા.૩૦–૦૪–૨૦૨૬.

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
પાંચમા એડી. ડીસ્ટ્રીકટ
જૂનાગઢ
(કોડ નં.જીજે.–૦૧૦૦૫)